ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ખેતીની જમીન ઘટી રહી છે ?

## જિલ્લામાં જમીનોના ખરીદ વેચાણની વિગતો પંચાયતના રેકર્ડ માટે ઉપલબ્ધ કરાવવા સામાન્ય સભાએ પ્રસ્તાવ પસાર કર્યો

**સમયસર - પ્રકાશ જહા**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ખેતીની જમીનો ઘટી રહી છે તે અંગેનો રેકર્ડ અદ્યતન કરવો જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

લોકજીભે ઉઠેલી આ ચર્ચાનો પડઘો તાજેતરમાં જિલ્લા પંચાયતની મળેલ સામાન્ય સભામાં પડ્યો હતો. આ સભાએ અધ્યક્ષસ્થાનેથી એક મહત્વનો પ્રસ્તાવ પસાર કર્યો હતો.

આ પ્રસ્તાવમાં જિલ્લા કલેક્ટરશ્રીને વિનંતી કરવામાં આવી છે કે જે ગામોની જમીન બિનખેતી થઈ હોય તેની જાણ જે તે ગ્રામ પંચાયતને થાય જેથી પંચાયતનું રેકર્ડ અદ્યતન થાય એટલુ જ નહિ પંચાયત દ્વારા પછી તે પ્રમાણે તેની આનુસંગિક વેરા સહિતની કામગીરી કરી શકે.

ગાંધીનગર જિલ્લામાં બિન ખેતીની મંજૂરીઓ ખૂબ આપવામાં આવી છે અને જે રીતે ખેતીની જમીનો ઘટી રહી છે તે ખુબ જ ચિંતાનો વિષય છે.

ખેતીક્ષેત્રે ફાજલ શ્રમ પણ ઉભો થયો છે. જો કે જિલ્લાના અર્થકારણમાં આ વાતને લઈ ક્યારેય ચિંતા થઈ હોય તેવુ જાણમાં નથી.

હાલ એગ્રીકલ્ચરલ સેન્સેસની પ્રક્રિયા ચાલુ છે. ખેડૂતો ખાતેદારોની સંખ્યાની વિગતો મળશે પણ કેટલી જમીન ખેતીલાયક રહી છે તે અંગે બધા જ તંત્રો મૌન સેવી રહ્યા છે.

હાલ જિલ્લામાં ખરીફ વાવણીની પણ સિઝન છે. ખેતીવાડી વિભાગ પણ જે આંકડાઓ રકબાને આધારે ઉપલબ્ધ છે તેની જ વિગતોને આધાર બનાવી વાવેતરના આંકડાઓ પ્રસિદ્ધ કરે છે.

જિલ્લામાં નાના-સીમાંત ખેડૂત ખાતેદારોની સંખ્યા વધી રહી છે. ખેતીની જમીનોના ટુકડા થઈ રહ્યા છે ત્યારે કેટલી જમીનને બિનખેતીની મંજૂરી આપવામાં આવી તેને ગ્રામ્યસ્તરે પંચાયતને કોઈ ખબર જ હોતી નથી.

જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ પસાર કરેલ આ પ્રસ્તાવ ઘણો ગંભીર છે અને સૌની આંખ ખોલનારો છે. આ પ્રસ્તાવમાં જમીનોના ખરીદ-વેચાણના હુકમો અંગેની જાણ કરવા પણ જણાવવામાં આવ્યુ છે. પ્રસ્તાવ ઘણો ગંભીર છે. જિલ્લામાં ખેતીની જમીનો ઘટી રહી છે ત્યારે આ દિશામાં યોગ્ય કાર્યવાહી થાય તે જરૂરી છે.

# સેકટરોમાં ગટર લાઇનમાં પ્લાસ્ટીક કચરાનો ઢગ ખડકાતો હોવાથી સમસ્યા જટીલ

## સેકટરોમાં પણ ગટર લાઇનમાં દુષિત પાણી બેક મારતા સમસ્યા ઉદભવે છે : સ્થાનિકોમાં જાગૃતિના અભાવે ગટર લાઇનમાં કચરાના ઢગ થતા ફરિયાદો વધુ : સે ૧૭ પંચાયત પરિષદ પાસે છાત્રાલય નજીક ગટર લાઇનમાંથી થોકબંધ પ્લાસ્ટીકનો કચરો નિકળ્યો

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરના સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે બીજીતરફ લાંબા સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બનતી જાય છે. શહેરના રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારમાં પણ વારંવાર ગટરો ઉભરાતા પ્રશ્ન વધુ ગંભીર બનતો જાય છે. આવા સંજોગોમાં જનજાગૃતિના અભાવે ગટર લાઈનમાં ગમે તેવો કચરો પણ ઠાલવી દેવામાં આવતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે. સે-૧૭ પંચાયત પરિષદ છાત્રાલય પાસેથી તંત્રએ લાઈનની સફાઈ કરી ત્યારે થોકબંધ પ્લાસ્ટીક કચરો નિકાળ્યો હતો કચરાના લીધે આખી લાઈન ચોકઅપ થઈ ગઈ હતી.

ગાંધીનગરમાં નવી ગટર લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં ખોદકામગીરીના લીધે નગરજનો પરેશાન છે. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન ઠેર ઠેર માટી પોલાણ થવાના લીધે અનેક ઠેકાણે જોખમી સ્થિતિ ઉભી થવા પામી છે. આવા સંજોગોમાં સેકટરોમાં એક



દાયકાથી ગટરો ઉભરાવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે ગુંગળામણનુ કારણ બની છે. સેકટરોમાં અનેકવાર રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારમાં ગટરના દુષિત પાણીનો ભરાવો થતા સ્થાનિકો ગુંગળામણ અનુભવે છે. શહેરમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં અનેકવાર એકબીજી લાઈનમાં લીકેજીસની સમસ્યાઓ પણ ઉદભવે છે. બીજીતરફ તંત્ર પાસે પર્યપ્ત મેન પાવર અને મશીનરીનો પણ અભાવ છે જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં ઝડપથી ફરિયાદોનો નિકાલ કરવાનુ પણ મુશ્કેલ બની રહ્યુ છે. અલબત્ત નવી અલબત્ત મોટા ડાયામીટરની લાઈનના કામ સાથે સેકટરોમાં ઉદભવતી ગટર લાઈનની સમસ્યાને ડામવાનુ કામ પણ તંત્ર માટે લાંબા સમયથી શિરદર્દ સમાન બન્યુ છે. શહેરમાં ગટર લાઈનની સમસ્યાઓ પાછળ અન્ય કારણો પણ જવાબદાર છે. ગટર લાઈનના મેઈન હોલમાં પણ ભંગાણ થતા હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ તેમજ સરકારી કચેરીઓ અને સંસ્થાઓ કાર્યરત હોય તેવા ઠેકાણે ગટર લાઈનના હોલમાંથી ઢગલાબંધ કચરો પણ નિકળે છે. જેના લીધે લાઈન ચોક અપ થવાની ફરિયાદો વધી છે. થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા સે- ૧૭ સ્થિત પંચાયત પરિષદ પાસેથી લાઈનની સફાઈ દરમિયાન પ્લાસ્ટીકનો ઢગલો કાઢવામાં આવ્યો હતો. આ સંસ્થા નજીક છાત્રાલય કાર્યરત છે જેના લીધે છાત્રાલયની ગંદકીનો ઢગ પણ ગટર લાઈનમાં જતો રહ્યો હોવાની સંભાવના છે. શહેરના સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે આવી જ સ્થિતિ સર્જાય છે. જેના લીધે વારંવાર ગટરો ઉભરાય છે. રહેણાંક વિસ્તારમાં પણ ઘણી જગ્યાએ ગટરનુ પાણી બેક મારતા રહીશો દુર્ગંધયુક્ત માહોલમાં ગુંગળામણ અનુભવી રહ્યા છે. સેકટરોમાં મોટા ડાયામીટરવાળી નવી લાઈન નાંખવા માટે કામગીરી ચાલી રહી છે. પરંતુ હજુ નવી લાઈનનુ કામ પુર્ણ થતા સમય લાગે તેમ છે. જયારે આ સ્થિતિ વચ્ચે સમસ્યાઓને ડામવા માટે પણ તંત્રએ ટીમ બનાવી નવતર આયોજન કર્યુ છે. પરંતુ મેન પાવર અને મશીનરીના અભાવે આ સમસ્યા ઉદભવી રહી છે. જો કે સેકટરોમાં થતા ખોદકામના લીધે પણ ગટર લાઈનની સમસ્યાઓ સ્થાનિકો માટે સમસ્યાનુ કારણ બને છે.

# દહેગામ ન.પા.ની શિક્ષણ સમિતિના ચેરમેન ડોલીબેને રાજીનામુ આપ્યુ

ગાંધીનગર, તા. ૩૧

દહેગામ ભાજપ સંચાલિત નગરપાલિકામાં આજે શિક્ષણ સમિતિના ચેરમેને રાજીનામુ ધરી દેતાં રાજકીય ભૂકંપનો આંચકો આવ્યો છે. આ મામલો જિલ્લાના રાજકીય વર્તુળોમાં મુદ્દો ચર્ચાનો બન્યો છે.

શિક્ષણ સમિતિના ચેરમેને આપેલા રાજીનામાના મુદ્દે દહેગામ ભાજપમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે તેમજ કોઈ કશુ જ બોલવા તૈયાર નથી તેથી કાર્યકરો પણ મૂંઝવણમાં મુકાયા છે અને મૌન ધારણ કરી લીધુ છે.

શિક્ષણ સમિતિના ચેરમેનની કામગીરીના વખાણ જિલ્લા ભાજપ પ્રમુખ જાહેરમાં કરી ચુક્યા છે. રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ શિક્ષણ સમિતિના ચેરમેન કોઈ ખોટી વાત ચલાવી લેવાના મૂડમાં નહોતા અને પાલિકામાં કોઈ પણ જગ્યાએ ખોટુ થતુ હતુ તો ત્યાં અવાજ ઉઠાવતા હતા. આ અંગે લેખિત રજૂઆત પણ જિલ્લા પ્રમુખને પણ કરતા. તેમના આ અવાજને વિરોધી તરીકે ચિતરવામાં આવતા હતા અને આખરે તંગ આવી ગયેલા ચેરમેને રાજીનામુ ધરી દીધુ હોવાની ચર્ચાઓ છે.

જો કે ચેરમેન ડોલીબેન તલાટીએ અંગત કારણનું બહાનુ ધરીને રાજીનામુ આપ્યુ હોવાની વાતો છે પણ આંતરિક વાતો કંઈક અલગ જ સંકેતો આપી રહેલ છે.

દહેગામ પાલિકામાં ભાજપના કેટલાક સભ્યો પોતાની મનમાની ચલાવીને ગેરકાયદે કામોને પ્રોત્સાહન આપી રહ્યા છે.

ડોલીબેનના રાજીનામાથી હાલ તો પ્રમુખ અંગત કારણોસર રાજીનામાનો પત્ર મળ્યો છે તેમ કહી રહ્યા છે પરંતુ દહેગામ પાલિકામાં ચૂંટાયેલી પાંખમાં મડાગાંઠ ઉભી થઈ છે તે વાત નિશ્ચિત છે.

# મૃતદેહ માટે કોલ્ડ બોક્સની સુવિધા વિનામૂલ્યે આપવા ચેરમેનનો આગ્રહ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ કોલ્ડ બોક્સની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવા માટે આપવામાં આવી છે અને તે અંગેની જરૂરી સૂચનાઓ સંચાલન કરતી એજન્સીને આપવા કમિશનરશ્રીને સૂચવ્યુ છે.

ગાંધીનગર મનપા સંચાલિત સરગાસણ રૂદ્રભૂમિ ખાતે આ કોલ્ડ બોક્સની સુવિધા ગઈકાલે જ આપવામાં આવી છે.

ચેરમેનશ્રીએ તેમના પત્રમાં રૂદ્રભૂમિ ખાતે સી.સી. ટી.વી. કેમેરા લગાવવાની પણ સૂચના પણ તેમના પત્રમાં આપી છે. આ ઉપરાંત સે. ૩૦ ખાતે પણ આવા કોલ્ડ બોક્સની સુવિધા માટે અલાયદો રૂમ બનાવવાનુ સૂચન કર્યુ છે.

રેફ્રીજેરેટેડ શબપેટીઓ ખરીદ કરવા અથવા તો સંસ્થાઓ પાસેથી મેળવી ગાંધીનગરના નાગરિકોને વિનામૂલ્યે આ સેવા મળે તે જોવા આગ્રહ કર્યો છે.

# મહેસુલી ક્લાર્ક અને તલાટી સંવર્ગમાંથી ૧૬૯૫ કર્મયોગીને નાયબ મામલતાદ તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકારના મહેસુલ વિભાગે ૧૬૯૫ જેટલા ક્લાર્ક અને તલાટી સંવર્ગના કર્મચારીઓને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવાના હુકમો કર્યા છે.

મહેસુલ વિભાગમાં ભરતીના અભાવે સંખ્યાબંધ જગ્યાઓ ખાલી પડી છે અને હવે તેની વિપરીત અસરો કામગીરી પર દેખાવા લાગતાં સરકારે આ હુકમો જારી કર્યા છે. આ અગાઉ ૩૦૦ થી વધુ નાયબ મામલતદારોની જિલ્લા ફેર બદલીના હુકમો જારી કર્યા હતા.

મહેસુલ વિભાગે નાયબ મામલતદાર સંવર્ગની જગ્યાઓને લઈ કેડર રિવ્યુની કામગીરી હાથ ધરી હતી પરંતુ આ અંગેની દરખાસ્તો કે સૂચનો મળે તે પૂર્વે જ સરકારે બઢતીના આ હુકમો જારી કર્યા છે. ૧૯૮૫ થઈ ૮૮ માં સળંગ ત્રણ વર્ષ દુષ્કાળના થતાં તત્કાલીન સ્વ. અમરસિંહ ચૌધરીએ ભરતી પર પ્રતિબંધ મુક્યો હતો. જો કે આ પછી ભરતીના આ પ્રતિબંધના નિર્ણયની સમીક્ષા થઈ નથી.

જગ્યાઓ આઉટસોર્સથી કે હંગામી બઢતી આપી ભરવામાં આવી હતી. આ ઉપરાંત જે ભરતી કરાઈ તેમાં પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરતી કરાઈ હતી.

રાજ્ય સરકારની કામગીરી પર જે વિપરીત અસરો હવે દેખાઈ રહી છે તેને લઈ સરકારે બઢતી તેમજ જિલ્લા ફેર બદલીના વિકલ્પો આવ્યાની વાતો કર્મચારીઆલમમાં આજે ચર્ચાતી સાંભળવા મળી હતી.

કોઈપણ એક જ સંવર્ગમાં આટલી મોટી બઢતી આપવાનો નિર્ણય પહેલીવાર સરકાર કક્ષાએ લેવામાં આવ્યો છે.

# એસટી બસના ભાડામાં વધારો

## લોકલ સવારીમાં ૮૦ પૈસાનો વધારો : રાજ્યો દ્વારા પગાર, ડીઝલ તથા સ્પેરપાર્ટના ભાવ વધારાના ખર્ચ ને પહોંચી વળવા માટે ભાડામાં લગભગ દર વર્ષે વધારો કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતને ઝટકો લાગે એવા સમાચાર આવ્યા છે. વર્ષ ૨૦૧૪ બાદ આજ દિન સુધી વિવિધ કારણોસર નિગમનું આર્થિક ભારણ ખુબ જ વધ્યું છે. દિવસોમાં બસમાં મુસાફરી કરો તો વધારે ટિકિટના પૈસા ચૂકવવાની તૈયારી રાખજો.



સરકારે ૧૦ વર્ષ બાદ ભાડામાં વધારો કરતાં મુસાફરોના ખિસ્સાં ખાલી થાય તેવી પૂરી સંભાવના છે. સરકાર બચાવ કરી રહી છે કે જેને પગલે ગુજરાતમાં પણ બસની ટિકિટના ભાવમાં વધારો કરાયો છે. સરકારે નવા દરો પણ જાહેર કર્યા છે. આગામી નિગમની લોકલ બસોમાં ૮૫ ટકા મુસાફરો એટલે રોજના ૧૦ લાખ લોકો ૪૮ કિલોમીટર સુધીની મુસાફરી કરે છે જેઓને રૂપિયા ૧થી ૬ રૂપિયા સુધીનો વધારો ચૂકવવો પડશે.ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે પોતાનો બચાવ કરતાં જણાવ્યું છેકે, તેઓ મુસાફરોની સવલત માટે સતત પ્રયત્નશીલ અને ચિંતિત છે. ગુજરાત સરકાર દ્વારા નિગમને મહત્તમ આર્થિક સહાય કરી સ્વનિર્ભર બનાવવા પ્રયત્નો કર્યો છે. જેના ભાગરૂપે ભારતમાં પ્રથમ વખત મ.જી ૬ ના ૨૩૨૦ જેટલા નવીન વાહનો સવલતમાં મુક્વામાં આવ્યા છે. નિગમ દ્વારા ભારતમાં પ્રથમ વખત એરપોર્ટ જેવા બસ પોર્ટ આપવામાં આવ્યા છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ ,પાલનપુર, ભરુચ વગેરે જેવા અદ્યતન બસપોર્ટ કાર્યરત છે તથા નજીકના ભવિષ્યમાં વધુ બસ પોર્ટ મુસાફરોની સવલતમાં મુકવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. એસ.ટી નિગમ દ્વારા સને ૨૦૧૪ પછી ભાડામાં સુધારો કર્યો નથી. જ્યારે અન્ય રાજ્યો દ્વારા પગાર, ડીઝલ તથા સ્પેરપાર્ટના ભાવ વધારાના ખર્ચ ને પહોંચી વળવા માટે ભાડામાં લગભગ દર વર્ષે વધારો કરવામાં આવે છે. જ્યારે ગુજરાત એસ.ટી નિગમ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મુસાફર ભાડામાં કોઈ જ વધારો કરાયો નથી. જ્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ,આન્ધ્રપ્રદેશ જેવા અન્ય રાજ્યો દ્વારા દર વર્ષે ભાડામાં વધારો કરવામાં આવ્યો છે.



વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા માથાના દુઃખાવારૂપ બની છે. સેક્ટર-૧૬માં સરકારી આવાસ નજીક પાણીનો નીકાલ ન થતાં અહીં પાણી ભરાઈ રહે છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. મચ્છરોના પોરા પાણીમાં જોવા મળી રહ્યા છે. અહીં તાત્કાલિક દવા છંટકાવ કરવો જરૂરી બન્યો છે.

# જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા સામે ઉમેદવારોમાં જ ઉદાસીનતા

## વધારે વર્ગોવાળી શાળાઓમાં આચાર્ય બનવા માટે ઉમેદવારોમાં નિરસતાઃ આવી શાળાઓમાં નહી જવા માટે જાણે મન બનાવી લીધું

જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ૭૩ જગ્યાઓ ખાલી છે જ્યારે આ ખાલી જગ્યા પર ભરતી કરવા માટેની પ્રક્રિયા હવે શરૂ કરાશે જો કે આ સ્થિતિ વચ્ચે શાળાઓમાં આચાર્ય તરીકેની ફરજ સંભાળવા માટે ઉમેદવારોમાં પ્રવર્તેલી નીરસતા મામલે પણ અનેક કારણો અને તારણો ચર્ચાના ચગડોળે છે વધારે વર્ગો ધરાવતી શાળામાં આચાર્ય બનવાના મામલે ઊંઘ ચેન ગુમાવવાનો વારો આવતો હોવાનું પણ તર્ક વિતર્ક માં સમાવિષ્ટ છે

ગ્રાન્ટેડ શાળાઓમાં વિવિધ વિષયના શિક્ષકો, કારકુન, ગ્રંથપાલ, અને વર્ગ ૪ના કર્મચારીઓની ઘટ પ્રવર્તે છે આ સ્થિતિ માં શિક્ષણ સિવાયનું કામ

● અનુસંધાન પાન-૭ પર

# ઋણસ્વીકાર

આપની ચાર દાયકાની કઠોર પુરુષાર્થ અને કર્તવ્યનિષ્ઠા સહ સમાજને નવી દિશા ચીંધતી સાતત્યપૂર્ણ શબ્દયાત્રાને વિરામ



આપવાનો આપનો નિર્ણય અમો ભગ્ન હૃદયે શિરે ચઢાવીએ છીએ. આપના અવિસ્મરણીય અભિયાનના અદના સૈનિક બનવાનું ગૌરવ સાંપડ્યુ તેનો અમારું અહોભાગ્ય ગણીએ છીએ. આપના વ્હાલસોયા માર્ગદર્શન અને હૂંફ માટે અમો આપના હંમેશા ઋણી રહીશુ. આજથી આપનું પ્રત્યક્ષ માર્ગદર્શન હવે અમારી સંગ નહી હોય તેનો અમને ખેદ રહેશે પરંતુ સાથે ચીંધેલા માર્ગ પર અડગ રહીએ તેવા આપના આશિર્વાદની અમને અપેક્ષા રહેશે. આપનો નિવૃત્તિકાળ સુખમય, આરોગ્યપ્રદ અને આનંદમય બની રહે તેવી અમારા સૌની અંતરપૂર્વક શુભકામનાઓ સહ અમારી ભૂલચૂકના ક્ષમાપ્રાર્થી છીએ.

લિ.

**આપના ઓજસમાં અજવાળેલાં તેજ બિંદુઓ...**

**(ગાંધીનગર સમાચાર સ્ટાફ પરિવાર)**

# ગુડાએ અડાલજના આવાસોમાં આકસ્મિક તપાસ કરતા ૩૦ ભાડુઆતો ધ્યાને આવ્યા

## અડાલજની અટલ આવાસ યોજનામાં ૧૯ ઘરો બંધ હોવાનું પણ સ્પષ્ટ થયુંઃ મોંઘવારીમાં બેંક લોન ચુકવવા પણ મકાન ભાડે આપવાનું અનિવાર્ય - લાભાર્થીઓની પીડા

ગુડા ની અડાલજ સ્થિત એલઆઈજી ૨ પ્રકારના અટલ આવાસના મકાનોમાં ભાડુઆતના મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ૪૯ આવાસની તપાસ કરવામાં આવતા ૩૦ ફ્લેટમાંથી ભાડુઆત હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ઉપરાંત ૧૯ ઘર બંધ હાલતમાં જોવા મળ્યા હતા . આકરી મોંઘવારીમાં બેંક લોન ચુકવવા માટે પણ મકાન ભાડે આપવાની નોબત આવી હોવાનો રોષ કેટલાક લાભાર્થીઓએ વ્યક્ત કર્યો છે

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારો માટે અડાલજમાં અટલ આવાસ અન્વયે ૫૦૪ જેટલા ફ્લેટ ટાઈપ આવાસ મકાનો તૈયાર કરાયા છે જ્યારે ૧૧.૫૦ લાખની કિંમતના આ મકાનો ની અગાઉ લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી જેમાં નિયમ મુજબ ચોક્કસ સમય મર્યાદા પુરી ન થાય ત્યાં સુધી લાભાર્થી આવાસ વેચી શકે નહીં કે ભાડે આપી શકે નહીં તેવી આકરી શરત નું પાલન કરવાની હોય છે આ મામલે ગુડા ના તંત્રની ત્રણ ટીમો એ સ્થળ પર મોકલીને તપાસ હાથ ધરવામાં આવી હતી ભાડાના કિસ્સા મામલે આકસ્મિક તપાસ કરવામાં આવતા કુલ ૪૯ ફ્લેટની ચકાસણી કરવામાં આવી હતી જેમાં ૧૯ મકાન બંધ હોવાનું ધ્યાને આવ્યું હતું . જ્યારે ૩૦ મકાનમાં

ભાડુઆતનો વસવાટ હોવાનું સ્પષ્ટ થયું હતું મકાન ભાડે આપનાર લાભાર્થીઓ આર્થિક રીતે નબળા હોવાનું પણ સ્પષ્ટ થયું હતું જ્યારે મકાન ભાડે આપનાર એક લાભાર્થીએ આ તબક્કે એવી પણ લાગણી વ્યક્ત કરી હતી કે આર્થિક સ્થિતિ નાજુક છે જ્યારે લોન પણ ચૂકવવાની છે . કામ ધંધાના કે નોકરીના કારણોસર લીધે અન્ય શહેરમાં રહેવા જવાનું થાય ત્યારે મકાન ભાડે રાખવું પડે છે આવા સંજોગોમાં લોનના હપ્તા ઉપરાંત બીજા મકાનના ભાડાનું આર્થિક ભારણ વેઠવાનું આકરું બને છે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com